નવી બાબત ૨૦૨૦-૨૧

માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન સહાય યોજનામાં આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત.

રૂ.૬૫.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૬૨૯૫૨૩/ન.બા.૨૧/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૦/૦૭/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૦/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૧૯/૭૮૧૧-૧૨

ઠ રા વ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૦/૧૧/૨૦૧૯ના પત્રથી માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન સહાય યોજના હેઠળ યુગલદીઠ રૂ.૧૦૦૦૦ની સહાય ચુકવવામાં આવે છે. હાલની અસહ્ય મોંઘવારીમાં આ રકમ પુરતી ન હોઈ સહાયની રકમમાં વધારો કરવાની તેમજ આયોજક સંસ્થાને હાલમાં યુગલદીઠ રૂ.૨૦૦૦ લેખે ૨૫ યુગલો માટે વધુમાં વધુ રૂ.૫૦૦૦૦/- ની પ્રોત્સાહક રકમ ચુકવવામાં આવે છે. સદરહું યોજનામાં લાભાર્થીને આપવામાં આવતી સહાયની રકમ તેમજ આયોજક સંસ્થાને આપવામાં આવતી પ્રોત્સાહક રકમમાં વધારો કરવા માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન સહાય યોજના હેઠળ યુગલદીઠ હાલમાં આપવામાં આવતી રૂ.૧૦૦૦૦/-ની સહાયમાં રૂ.૨૦૦૦/-નો વધારો કરી રૂ.૧૨૦૦૦/- (રૂપિયા બાર હજાર પુરા) તથા સંસ્થાદીઠ મર્યાદા હાલ યુગલદીઠ રૂ.૨૦૦૦/- એમ ૨૫ યુગલો માટે રૂ.૫૦૦૦૦/- છે. તે સહાય હવે યુગલદીઠ રૂ.૩૦૦૦/- એમ ૨૫ યુગલો માટે રૂ.૭૫૦૦૦/- (રૂપિયા પંચોતેર હજાર પુરા)ની મર્યાદામાં આપવા નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. યોજનાનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૭) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી(અનુસુચિત જાતિ કલ્યાણ) એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- SCW-૧૯ માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન (કુંવરબાઈનું મામેરૂ, માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન, સમાજ શિક્ષણ શિબીરો) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર.બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦